આજે દક્ષિણ ગુજરાતમાં વરસાદનું યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું

રાજ્યમાં ચોમાસું 26.48 ટકા પહોંચ્યું

24 કલાકમાં 95 તાલુકામાં વરસાદ

ગાંધીનગર : ગુજરાતમાં ચોમાસાએ ફરી ગતિ પકડી છે. છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યના 23 જિલ્લાના 95 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જ્યારે આજે સાંજે છ વાગ્યા સુધીમાં 73 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો કુલ સરેરાશ વરસાદ 240.70 મીમી એટલે કે 26.48 ટકા નોંધાયો છે. આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી - યલ્લો એલર્ટ

ભારતીય હવામાન વિભાગે 20 જુલાઈએ દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં ભારે વરસાદની યલો એલર્ટ જાહેર કરી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. 21થી 25 જુલાઈ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ બંગાળની ખાડી અને મધ્યપ્રદેશ તરફની અપર એર સાયક્લોનિક સિસ્ટમ તેમજ ચોમાસાની ટ્રફ સક્રિય હોવાથી આગામી દિવસોમાં વરસાદી માહોલ યથાવત્ રહેશે. 26 જુલાઈએ અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જાહેર કરવામાં આવી છે.

24 કલાકમાં વાલોડમાં સૌથી વધુ 2.44 ઇંચ

છેલ્લા 24 કલાકમાં તાપીના વાલોડમાં સૌથી વધુ 62 મીમી (2.44 ઇંચ) વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ ઉમરગામમાં 61 મીમી, વ્યારામાં 57 મીમી, ઉકાઈમાં 53 મીમી અને સુરત શહેરમાં 49 મીમી વરસાદ વરસ્યો હતો. આજે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં વલસાડના પારડીમાં 3 ઇંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે જલાલપોરમાં 1.54 ઇંચ, નવસારી અને કપરાડામાં દોઢ-દોઢ ઇંચ, સુરત શહેરમાં 1.30 ઇંચ, નાના પોંઢા અને ચીખલીમાં 1.22 ઇંચ તેમજ વડોદરાના શીનોરમાં 1.14 ઇંચ વરસાદ નોંધાયો હતો.

અત્યાર સુધીનો રાજ્યનો વરસાદ

દક્ષિણ ગુજરાત	37.90 ટકા
સૌરાષ્ટ્ર	29.10 ટકા
પૂર્વ-મધ્ય	18.82 ટકા
ઉત્તર ગુજરાત	14.42
કચ્છ	3.42 ટકા

જળાશયોની સ્થિતિ

સરદાર સરોવર	67.5
206 જળાશયો	40.78 ટકા
6 ડેમ	સંપૂર્ણ ભરાયા
21 ડેમ	હાઈ લેવલ નજીક
11 ડેમ	હાઈ એલર્ટ
3 ડેમ	એલર્ટ
13 ડેમ	વોર્નિંગ લેવલ

આતંકીઓને પાકિસ્તાનથી ફંડ મળતું હતું, કાશ્મીરમાં ટ્રેનિંગ

ઝેરી ગેસ તૈયાર કરવાની તાલીમ લઈ ગુજરાતમાં આતંક ફેલાવવાના અંતિમ તબક્કામાં હતા

ગાંધીનગરઃ ગુજરાતમાં મોટા પાયે આતંકી હુમલાનું કાવતરું ઘડનાર જૈશ-એ-મોહંમદના મોડ્યુલનો ગુજરાત એટીએસએ પર્દાફાશ કરતાં ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે પકડાયેલા આતંકીઓએ કાશ્મીરમાં AK-47 અને પિસ્તોલની તાલીમ ઉપરાંત ઝેરી ગેસ અને ટાઈમર બોમ્બ બનાવવાની પણ તાલીમ લીધી હતી. સિદ્ધપુર નજીક આઠ વખત બોમ્બના ટ્રાયલ કરવામાં આવ્યા હતા અને ગુજરાતમાં આત્મઘાતી હુમલાની તૈયારી ચાલી રહી હતી. પાકિસ્તાન સ્થિત હેન્ડલરો પાસેથી ફંડિંગ અને માર્ગદર્શન મેળવી છેલ્લા કેટલાક મહિનાથી સમગ્ર નેટવર્ક સક્રિય હોવાનો ATSને ખુલાસો થયો છે.

ગુજરાત એટીએસની તપાસ મુજબ મુખ્ય આરોપી અહેમદ ગાજીવાલા અને ઈબ્રાહીમ કાશ્મીર જઈને આશરે આઠ મહિના સુધી ગુપ્ત સ્થળે AK-47 રાઈફલ અને પિસ્તોલ ચલાવવાની તાલીમ લઈ આવ્યા હતા.

આ સમગ્ર કાવતરામાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર અબ્દુલ્લા, આફરીન કુરેશી અને એક કાશ્મીરી શખ્સની ભૂમિકા સામે આવી છે. આતંકી પ્રવૃત્તિ માટે પાકિસ્તાની હેન્ડલર દ્વારા આશરે ત્રણ લાખ રૂપિયાનું ફંડ મોકલવામાં આવ્યું હતું, જેમાંથી કાર અને બાઈક ખરીદવામાં આવ્યા હતા.

વડોદરામાં કાશ્મીરી વ્યક્તિ સાથે ગુપ્ત બેઠકો યોજાઈ હોવાનો પણ ATSને પુરાવો મળ્યો છે. તપાસમાં સૌથી ગંભીર બાબત એ સામે આવી છે કે આતંકીઓએ માત્ર હથિયારો જ નહીં પરંતુ કાર્બન મોનોક્સાઇડ, મિથેન અને હાઇડ્રોજન સલ્ફાઇડ જેવા ઝેરી ગેસ તૈયાર કરવાની પણ તાલીમ મેળવી હતી.

આ ગેસની માહિતી અન્ય યુવાનોને પણ આપવામાં આવી રહી હતી. આતંકી આમીન શેરા અને મોહંમદ અયુબની હાજરીમાં કુલ આઠ ટાઈમર બોમ્બ તૈયાર કરવામાં આવ્યા હતા.

સરકારી ઇજનેરી કોલેજોમાં 30થી 35 ટકા અધ્યાપકોની અછત

સરકાર સમક્ષ તાત્કાલિક ભરતી અને રી-સ્ટ્રક્ચરિંગની માંગ

સુરતઃ સરકારી ડિગ્રી ઇજનેરી કોલેજોમાં આ વર્ષે પ્રવેશ પ્રક્રિયાના બીજા રાઉન્ડ સુધીમાં તમામ બ્રાન્ચોમાં 100 ટકા બેઠકો ભરાઈ ગઈ છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થવા છતાં જરૂરી પ્રમાણમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી ન થતાં કોલેજોમાં શિક્ષણની ગુણવત્તા અને સંચાલન અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે.

મંડળના જણાવ્યા મુજબ રાજ્યની અનેક સરકારી ઇજનેરી કોલેજોમાં અધ્યાપકોની આશરે 30થી 35 ટકા જગ્યાઓ હજુ ખાલી છે. બીજી તરફ નવા કોર્સ શરૂ કરાયા છે અને વિદ્યાર્થી બેઠકોમાં વધારો થયો હોવાથી વધારાના મંજૂર મહેકમની જરૂરિયાત પણ ઉભી થઈ છે. આ સ્થિતિમાં હાલના અધ્યાપકો પર કાર્યભાર વધી રહ્યો છે.

ગુજરાત રાજ્ય સરકારી ઇજનેરી કોલેજ શૈક્ષણિક રાજ્યપત્રિત અધિકારી મંડળે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ રજૂઆત કરીને રાજ્યની સરકારી ઇજનેરી કોલેજોમાં સ્ટુડન્ટ સીટ્સ રિસ્ટ્રક્ચરીંગ બાદ વધેલા કાર્યભારને ધ્યાનમાં રાખી જરૂરી ટીચીંગ અને નોન ટીચીંગ સ્ટાફની તાત્કાલિક ફાળવણી કરવાની માંગ કરી છે. મંડળના જણાવ્યા મુજબ છેલ્લા ચાર વર્ષથી રાજ્ય સરકાર સમક્ષ લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી રહી છે.

વિદ્યાર્થીઓની વધતી સંખ્યા અનુસાર શૈક્ષણિક માળખું, અધ્યાપકો, પ્રયોગશાળાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય જરૂરી સંસાધનો ઉપલબ્ધ કરાવવાની માંગ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી પૂરતી કાર્યવાહી કરવામાં આવી નથી. મંડળે રજૂઆતમાં જણાવ્યું છે કે હાલ કેટલીક સરકારી ઇજનેરી કોલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ વધારે છે, પરંતુ સંબંધિત વિષયોના અધ્યાપકોની અછત છે.

બીજી તરફ કેટલીક કોલેજોમાં વિદ્યાર્થી પ્રવેશ ઓછો હોવા છતાં સ્ટાફનું પ્રમાણ વધુ છે. આ અસંતુલનના કારણે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવામાં મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. સાથે જ સરકાર પર પણ અનાવશ્યક નાણાકીય બોજ વધી રહ્યો હોવાનું મંડળે જણાવ્યું છે. સરકાર જો માંગણીઓ નહી સ્વીકારે તો ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે.

નવી વિદ્યાશાખાઓમાં નિષ્ણાત અધ્યાપકોનો અભાવ

રાજ્યની સરકારી ઇજનેરી કોલેજોમાં રોબોટીક એન્ડ ઓટોમેશન, આર્ટીફિશયલ ઇન્ટેલીજન્સ એન્ડ મશીન લર્નીંગ (AIML), ડેટા સાયન્સ, ICT અને ઇલેક્ટ્રોનીક્સ એન્ડ ઇન્સ્ટ્રુમેનેશન (E&I) જેવી આધુનિક વિદ્યાશાખાઓ શરૂ થયાને વર્ષો વીતી ગયા હોવા છતાં અનેક કોલેજોમાં આ વિષયોના નિષ્ણાત અધ્યાપકો તથા જરૂરી બિનશૈક્ષણિક સ્ટાફ ઉપલબ્ધ નથી. પરિણામે કેટલાક વિદ્યાર્થીઓએ વિષય નિષ્ણાતોના પૂરતા માર્ગદર્શન વિના અભ્યાસ પૂર્ણ કરવાની સ્થિતિનો સામનો કરવો પડ્યો હોવાનું મંડળે જણાવ્યું છે.

બિનશૈક્ષણિક કર્મચારીઓની 68 ટકા જગ્યાઓ ખાલી

માત્ર શૈક્ષણિક સ્ટાફ જ નહીં પરંતુ બિનશૈક્ષણિક વ્યવસ્થા પણ ગંભીર સ્થિતિમાં હોવાનું મંડળે જણાવ્યું છે. રાજ્યની 16 સરકારી ઇજનેરી કોલેજોમાં વર્ગ-૩ની કુલ 478 મંજૂર જગ્યાઓ સામે માત્ર 168 જગ્યાઓ ભરાયેલી છે, જ્યારે 310 જગ્યાઓ હજુ ખાલી છે. એટલે કે આશરે 68 ટકા જગ્યાઓ ખાલી છે. લેબોરેટરી, હિસાબી વિભાગ, હોસ્ટેલ, સ્ટોર, વર્કશોપ અને વિદ્યાર્થી વિભાગ જેવી આવશ્યક સેવાઓમાં કર્મચારીઓના અભાવે દૈનિક કામગીરી પ્રભાવિત થઈ રહી છે.

ગોડાદરામાં જ્વેલર્સના ઘરમાંથી રૂપિયા ૮.૩૨ લાખની ચોરી

રોકડા ૧.૭૨ લાખ, સોનું, ૫ કિલો ચાંદી ભરેલા થેલા ઘરે કબાટમાં મૂક્યા ને તસ્કરો સાફ કરી ગયા

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં એક જ્વેલર્સના બંધ ઘરને નિશાન બનાવી અજાણ્યા તસ્કરો સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ મળી કુલ રૂ.૮,૩૨,૨૧૨ની મતાની ચોરી કરી રફુચક્કર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ગોડાદરા પટેલનગરની બાજુમાં આવેલી રામકૃષ્ણા સોસાયટીમાં રહેતા અને લક્ષ્મણનગર સોસાયટીમાં 'માં અંબે જ્વેલર્સ' નામે દુકાન ધરાવતા ૪૫ વર્ષીય સુનિલભાઈ જયપ્રકાશ સોની (મૂળ રહે., જોનપુર, ઉત્તરપ્રદેશ) ૧૭ જુલાઈના રોજ રાત્રે પોણા નવેક વાગ્યે સુનિલભાઈ પોતાની દુકાન વધારીને સોના-ચાંદીના નાના-મોટા ઘરેણા બે થેલામાં ભરીને ઘરે લાવ્યા હતા. તેમણે આ થેલા ગ્રાઉન્ડ ફ્લોર પર રસોડામાં આવેલા લોખંડના કબાટમાં મૂકી દીધા હતા. મોડી રાત્રે કોઈ અજાણ્યા ચોર ઇસમોએ મકાનના મુખ્ય દરવાજાની લોખંડની જાળી કાપી નાખી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ રસોડામાં રહેલા લોખંડના કબાટમાંથી આશરે ૫ કિલોગ્રામ ચાંદીના દાગીના (જેમાં પાયલ, કડા, વીંટી વગેરે), અલગ-અલગ કેરેટના સોનાના દાગીના, મંગળસૂત્ર, ચેઈન, બ્રેસલેટ તેમજ ડ્રોઅરમાં મુકેલા રોકડા રૂ. ૧,૭૨,૦૦૦ મળી કુલ રૂ. ૮,૩૨,૨૧૨ની મતાની ચોરી કરી લીધી હતી. સવારે રસોડામાં કબાટનો સામાન વેરવિખેર દેખાતા ચોરી થવાની જાણ થઈ હતી. આ અંગે તુરંત જ પોલીસને જાણ કરાતા ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ચેક રિટર્ન કેસમાં થયેલી સજા સેશન્સ કોર્ટે યથાવત રાખી

સુરતઃ ચાર લાખની રકમનો ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટે આરોપી વિપુલ બાબુ માણીયાને કરેલી સજા સામેની અપીલ સેશન્સ કોર્ટે ફગાવી દઈ એક વર્ષની સજા અને ચેકની બમણી રકમ ચુકવવાનો હુકમ કાયમ રાખ્યો હતો. મિત્રતા હોવાથી સંજય ધામેલિયાએ રૂા.૪,૦૦,૦૦૦ આરોપી વિપુલભાઈને હાથ ઉછીના આપ્યાં હતા. જે પેટે આરોપીએ આપેલો ચેક રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં કરેલી ફરિયાદમાં આરોપીને સજા થઈ હતી. જેની સામે આરોપીએ સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. ફરિયાદ પક્ષે એડવોકેટ નરેશ નાવડિયા, ભાવેશ નાવડિયા, સંદીપ માંગુકિયાની રજૂઆત કોર્ટે માન્ય રાખી આરોપીની અપીલ ફગાવી દીધી હતી અને આરોપી સામે ધરપકડ વોરંટ ઇસ્યુ કરવાનો હુકમ કર્યો હતો.

મહિલા રૂપિયા 12.27 લાખના દાગીના ભરેલી બેગ ભૂલી ગઈ

RPFને લાવારીશ હાલતમાં મળી આવી જે પરત કરાઇ

સુરતઃ પ્રયાગરાજથી સુરત પહોંચેલી એક મહિલાની નાની સરખી ચૂક તેને લાખો રૂપિયાના મોટા નુકસાનમાં નાખી શકતી હતી, પરંતુ સુરત રેલવે સ્ટેશન પર તૈનાત રેલવે સુરક્ષા દળ (RPF)ની સતર્કતા અને ત્વરિત કામગીરીને કારણે તેને મોટી રાહત મળી હતી અને પ્લેટફોર્મ પર છૂટી ગયેલો આશરે 12.27 લાખની મતા ભરેલી ટ્રોલી બેગ RPFએ પોતાના સુરક્ષિત કબજામાં લઈને માત્ર ત્રણ જ કલાકની અંદર તેના અસલી માલિકને સોંપી હતી.

આ ઘટના 17 જુલાઈની છે, જ્યાં સવારે આશરે 11:30 વાગ્યે RPFના ASI પ્રેમ સિંહ હાડા, ASI ભંવર સિંહ અને CIBના કોન્સ્ટેબલ હરિ સિંહ સ્ટેશન પર નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યા હતા, તે દરમિયાન પ્લેટફોર્મ નંબર-4 પર તેમને એક લાવારિસ ટ્રોલી બેગ મળી આવી હતી અને તે સમયે છપરા-સુરત ક્લોન એક્સપ્રેસ પ્લેટફોર્મ પરથી રવાના થઈને વોશિંગ લાઇન તરફ જઈ ચૂકી હોવાથી સંદિગ્ધ સ્થિતિને જોતા RPFની ટીમ કોઈ જોખમ ન લેતાં બેગને પોતાની ઓફિસે લઈ ગઈ હતી અને તેના અસલી માલિકની શોધખોળ શરૂ કરી હતી. ત્યારબાદ બપોરે આશરે 2:30 વાગ્યે એક યુવતી ગભરાયેલી હાલતમાં RPF ઓફિસે પહોંચી હતી, જેણે પોતાનું નામ કુમારી રાની (ઉ.વ.25, રહે., મોટા વરાછા, સુરત) જણાવ્યું હતું અને અધિકારીઓને માહિતી આપી હતી કે તે પ્રયાગરાજથી આ જ ટ્રેનમાં સવાર થઈને સુરત આવી હતી, પરંતુ સ્ટેશન પર ઉતરવાની ઉતાવળ અને ગરબડમાં પોતાનો ટ્રોલી બેગ પ્લેટફોર્મ પર જ ભૂલી ગઈ હતી.

અમદાવાદમાં 12 જેટલી ગેરકાયદે ફટાકડાની ફેક્ટરી ધમધમતી હતી

ગણેશ મહોત્સવના ઓર્ડર પૂરા કરવા ફટાકડા બનાવતા હતા

અમદાવાદઃ અમદાવાદના રામોલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ચાલી રહેલી ફટાકડાની ફેક્ટરીમાં થયેલી ભીષણ દુર્ઘટનામાં બે બાળકો સહિત નવ મજૂરોનાં મોત બાદ પોલીસે કડક કાર્યવાહી હાથ ધરી છે. રામોલ પોલીસે ફેક્ટરીના સંચાલક રમીલાબેન ડોડિયા, તેમના પુત્ર મેહુલ ડોડિયા અને ભાગીદાર સાદિક સૈયદની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ફેક્ટરીનું લાયસન્સ રદ થઈ ચૂક્યું હોવા છતાં ગણેશોત્સવ માટેના ઓર્ડરો પૂરા કરવા નફાખોરીના હેતુથી ગેરકાયદેસર રીતે ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું, જેના કારણે આ જીવલેણ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં 9નાં મોત થયા હતાં. પોલીસે અત્યાર સુધીમાં 12 ગેરકાયદે ફેક્ટરી શોધી કાઢી છે.

પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે ફટાકડાની ફેક્ટરીમાં કાચા સ્ટ્રક્ચરમાં મજૂરો ગન પાવડર ભરીને ફટાકડા તૈયાર કરી રહ્યા હતા ત્યારે અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠી હતી. ઘટનાના સમયે મેહુલ ડોડિયા સ્થળ પર હાજર હતો અને તેને ઈજા પણ થઈ હતી, પરંતુ બાદમાં તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

પોલીસે તેને ઝડપી લઈને રમીલાબેન ડોડિયા અને ભાગીદાર સાદિક સૈયદ સાથે ધરપકડ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે વર્ષ 2013થી આ સ્થળે ફટાકડાનું ઉત્પાદન થતું હતું. અગાઉ પણ અહીં એક દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થતાં ફેક્ટરી બંધ કરાઈ હતી. ત્યારબાદ નવા લાયસન્સ હેઠળ ફરી કામગીરી શરૂ થઈ હતી. માર્ચ-2026માં લાયસન્સની મુદત પૂર્ણ થતાં પોલીસે ફેક્ટરી બંધ કરાવી હતી અને સમયાંતરે તેની ચકાસણી પણ કરવામાં આવતી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ફેક્ટરી પાસે 29 જુલાઈ સુધીનું ફાયર એનઓસી હતું, પરંતુ સ્ટ્રક્ચર સ્ટેબિલિટી સર્ટિફિકેટ, નોન-એગ્રીકલ્ચર મંજૂરી, મજૂરોનો વીમો અને ઈલેક્ટ્રિકલ સેફ્ટી પ્રમાણપત્ર જેવી જરૂરી મંજૂરીઓના અભાવે લાયસન્સ રદ કરવામાં આવ્યું હતું. તેમ છતાં રથયાત્રાના બંદોબસ્ત દરમિયાન પોલીસ વ્યસ્ત હોવાનો લાભ ઉઠાવી આરોપીઓએ ગેરકાયદેસર રીતે ફરી ઉત્પાદન શરૂ કર્યું હતું. દરમિયાન, દુર્ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં એક જ ક્ષણમાં થયેલા પ્રચંડ વિસ્ફોટની તીવ્રતા સ્પષ્ટ જોવા મળે છે.

વિસ્ફોટ એટલો ભયંકર હતો કે ઘટનાસ્થળથી લગભગ 500 મીટર દૂર આવેલી ફેબ્રિકેશન ફેક્ટરીના કાચ તૂટી ગયા હતા અને ત્યાં કામ કરતા મજૂરો જીવ બચાવવા બહાર દોડી આવ્યા હતા. સમગ્ર મામલે ફોરેન્સિક તપાસ ચાલુ છે અને પોલીસ તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

કપડવંજની દુર્ઘટનામાં સાદિકની ભૂંડી ભૂમિકા

અમદાવાદ શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોતે જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલ ભાગીદાર સાદિક સૈયદનો સંબંધ થોડા દિવસ અગાઉ ખેડાના કપડવંજમાં બનેલી ફટાકડાની ફેક્ટરી દુર્ઘટના સાથે પણ સામે આવ્યો છે. કપડવંજની ફેક્ટરી આવેલી જમીન તેની માલિકીની હોવાનું અને નાણાકીય વ્યવહારોમાં પણ તેની સીધી સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

પરવટ પાટિયાની હોટલમાં ચાલતા દેહવ્યાપર પર પોલીસના દરોડા

ક્રાઈમ બ્રાંચની રેઈડમાં બે મહિલા મુક્ત, સંચાલક અને ગ્રાહક ઝડપાયા

ગ્રાહક દીઠ 2 હજાર વસુલી મહિલાને એક હજાર કમિશન આપતા હતા

સુરત : શહેરમાં હોટેલ અને ગેસ્ટ હાઉસની આડમાં ચાલતી અનૈતિક પ્રવૃત્તિઓ સામે કમિશનરની સૂચના મુજબ હાથ ધરાયેલી ઝુંબેશ દરમિયાન ક્રાઈમ બ્રાંચની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU)એ પરવત પાટીયા સ્થિત 'લા મોર' હોટેલમાં ચાલતા દેહવ્યાપાર પર દરોડો પાડ્યો છે.

દરોડામાં પોલીસે બે ભારતીય મહિલાઓને મુક્ત કરાવી હોટેલના સંચાલક અને એક ગ્રાહકની ધરપકડ કરી છે. જ્યારે હોટલના માલિક સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ક્રાઈમ બ્રાંચના પી.આઈ. એમ.બી. શેરગીલના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. અશ્વિનભાઈ ચંદુભાઈ અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે, પુણા પરવત પાટીયા ખાતે સ્વપ્ન સૃષ્ટિ કોમ્પ્લેક્સમાં આવેલી 'લા મોર' હોટેલમાં મહિલાઓ પાસેથી ગેરકાયદે દેહવેપાર કરાવવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં હોટેલ પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન કાઉન્ટર પરથી હોટેલના સંચાલક સાગર અશોક પાડવી (મૂળ ગામ. આમોદ, તા.હુકરમુંડા, તાપી)ને ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ રૂમોની તપાસ દરમિયાન રૂમ નં. ૩૦૪માંથી એક ગ્રાહક મુકેશ નાનજી પટેલ (ઉ.વ.47,રહે. શાંતિનિકેતન સોસાયટી, પુણાગામ, મૂળ અમરેલી) અને એક મહિલા મળી આવ્યા હતા, જ્યારે રૂમ નં. ૩૦૫માંથી અન્ય એક મહિલાનો પણ બચાવ કરવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે હોટેલનો માલિક અજયગીરી અશોકગીરી મેઘનાથી દલાલો ઓમ રામકરણ દ્વિવેદી, સમીર અંસારી અને આસિફ અંસારીના સંપર્કમાં રહી ગ્રાહકો અને મહિલાઓને હોટેલમાં બોલાવતો હતો. ગ્રાહક પાસેથી રૂપિયા ૨૦૦૦ વસૂલવામાં આવતા, જેમાંથી રૂપિયા ૧૦૦૦ મહિલાને આપવામાં આવતા અને બાકીની રકમ કમિશન તરીકે રાખવામાં આવતી હતી.પોલીસે સ્થળ પરથી રૂપિયા ૩,૨૦૦ની રોકડ, ત્રણ મોબાઈલ ફોન, બે મોટરસાયકલ તેમજ હોટેલ સંબંધિત દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૯૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કેસની વધુ તપાસ પી.આઈ. આર.એચ. મોરી ચલાવી રહ્યા છે.

પત્નીની હત્યા કરનાર સુરત રેલ્વે સ્ટેશન પરથી ઝડપાયો

સુરત : પાટણની એક હોટેલમાં પોતાની પત્નીનું ગળું દબાવીને હત્યા કરી ફરાર થઈ ગયેલા આરોપીને સુરત રેલ્વે પોલીસ (GRP) અને SOG પશ્ચિમ રેલ્વે વડોદરાની ટીમે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સુરત રેલ્વે સ્ટેશન પરથી ગણતરીના કલાકોમાં જ દબોચી લીધો છે.

પકડાયેલા આરોપી સંજય અરવિંદભાઈ પરમાર (ઉંમર ૨૯ વર્ષ, રહે. અમદાવાદ)ની પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનો ગુનો કબૂલતા જણાવ્યું હતું કે, તેની પત્નીને અન્ય વ્યક્તિ સાથે પ્રેમસંબંધ હતો. આ બાબતે સમાધાન કરવા માટે તેઓ પાટણ ખાતે રહેતા તેમના મામાના ઘરે આવ્યા હતા. ગત તા. ૧૭/૦૭/૨૦૨૬ ના રોજ પત્નીને પાટણની હોટલમાં લઈ ગયો હતો. ત્યાં સમાધાન બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વાત વધતા પત્નીએ સંજયને લાફો મારી દીધો હતો, જેનાથી આવેશમાં આવીને સંજયે પત્નીનું ગળું દબાવી તેની હત્યા નીપજાવી દીધી હતી અને ત્યાંથી નાસી છૂટ્યો હતો. આ અંગે પાટણ સીટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૦૩(૧), ૫૪ મુજબ ગુનો નોંધાયો હતો. પશ્ચિમ રેલ્વે વડોદરાના પોલીસ અધિક્ષક અભય સોની અને નાયબ પોલીસ અધિક્ષક ડી.એચ. ગોરના માર્ગદર્શન હેઠળ સુરત રેલ્વે પોલીસ સ્ટેશનના પી.આઈ. જે.બી. મીઠાપરાની સૂચનાથી સર્વેલન્સ સ્ટાફ સતત કાર્યરત હતો.

CMA પરીક્ષા માટે 31 જુલાઈ સુધી રજિસ્ટ્રેશન

સુરતઃ ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા ડિસેમ્બર-2026 ટર્મની CMA પરીક્ષાઓ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સંસ્થાએ પરીક્ષા માટે નોંધણી કરવાની અંતિમ તારીખ 31 જુલાઈ, 2026 નક્કી કરી છે. તેથી પરીક્ષા આપવા ઇચ્છુક વિદ્યાર્થીઓને નિયત સમયમર્યાદામાં રજિસ્ટ્રેશન પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

ડિસેમ્બર-2026માં CMA ફાઉન્ડેશન, ઈન્ટરમિડિયેટ અને ફાઈનલ એમ ત્રણેય સ્તરની પરીક્ષાઓ યોજાવાની છે. પ્રાથમિક આયોજન મુજબ પરીક્ષાઓ 10થી 17 ડિસેમ્બર, 2026 દરમિયાન યોજાય તેવી શક્યતા છે, જ્યારે CMA ફાઉન્ડેશનની પરીક્ષા એક જ દિવસમાં પૂર્ણ કરવામાં આવશે. જોકે પરીક્ષાના સમયપત્રક અંગે ICMAI દ્વારા હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

અનુસંધાન ... પાના છેલ્લાનું

હાયરે SMC...

અહીંના વેપારીઓએ રોષ ઠાલવ્યો હતો કે જો બે ઈંચમાં જ દુકાનો સુધી પાણી આવી જતા હોય, તો ભારે વરસાદમાં લાખો રૂપિયાના માલસામાનના નુકસાનની જવાબદારી કોણ લેશે? બીજી તરફ ઉધના, રિંડોલી અને લીંબાયત જેવા શ્રમિક અને મધ્યમવર્ગીય વિસ્તારોની હાલત પણ અત્યંત દયનીય થઈ ગઈ છે. હાલમાં જ દેમાર વરસાદના કારણે શહેર જળબંબાકાર થઈ ગયું હતું અને અડધુ સુરત ડુબી ગયુ હતું ત્યારબાદ વરસાદે થોડા દિવસ વિરામ લીધા બાદ પણ મનપા દ્વારા શહેરના લો-લાઈન વિસ્તારોમાં જાણે કોઈ કામગીરી જ કરી ન હોય તેમ જણાઈ રહ્યું છે.

ખાડી સફાઈ અને હાઈડ્રોલિક વિભાગ પાછળ કરોડોનું બજેટ વાપરતી પાલિકાના તમામ દાવાઓ પોકળ સાબિત થતાં હવે લોકો સવાલ પૂછી રહ્યા છે કે જો માત્ર બે ઈંચમાં આખું શહેર બંધ જેવી સ્થિતિમાં આવી જતું હોય, તો આગામી દિવસોમાં અતિભારે વરસાદ પડશે ત્યારે સુરતની સ્થિતિ કેટલી ભયાવહ હશે?

શહેરમા...

અડાજણમાં શ્યામસર્કલ, રામપુરા પોલીસ લાઇન પાસે, અમરોલી ક્રોસ રોડ સહિત વિવિધ વિસ્તારોમાં ઝાડ પડવાના બનાવોસામે આવ્યા હતા.આ તમામઘટનાઓને પગલે ફાયરબ્રિગેડના જવાનોદોડતા રહ્યા હતા અનેઝાડ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.સ

ઉધના...

ગયું હતું. ગરનાળામાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાયો હતો. સ્થાનિકોએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તંત્ર માત્ર કાગળ પર જ પ્રી-મોન્સૂન કામગીરીના દાવા કરે છે, પરંતુ વાસ્તવિકતામાં દર યોમાસામાં સામાન્ય જનતાએ જ આવી ભયંકર હાલાકી ભોગવવી પડે છે. શહેરમાં પડેલા આ બે ઈંચ વરસાદે ડ્રેનેજ નેટવર્કને ફેઈલ સાબિત કરી દીધું છે. નીચાણવાળા વિસ્તારોમાં સામાન્ય વરસાદમાં પણ પૂર જેવી સ્થિતિ સર્જાઈ જાય છે. આ ઉપરાંત શહેરના સૌથી વ્યસ્ત ગણાતા ઉધના-નવસારી રોડ પર પણ વહેલી સવારના વરસાદે ભારે તારાજી સર્જી હતી, જ્યાં રસ્તાની એક આખી સાઈડ પાણીમાં ગરકાવ થઈ જતાં જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. રસ્તા પર પાણી ફરી વળવાને કારણે અનેક વાહનો અધવચ્ચે બંધ પડી ગયા હતા અને વહેલી સવારથી જ લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો.